# એકમ–18 માધ્યમ વ્યક્તિઓ (Media Persons)

## : રૂપરેખા :


18.0 ઉદ્દેશો

18.1 પ્રસ્તાવના

18.2 સમૂહ માધ્યમો

18.2.1 કાર્યો, ક્ષેત્ર અને વિસ્તરતા પરિમાણો

18.3 સમૂહ માધ્યમોનાં ઘટકો

18.3.1 મુદ્રિત માધ્યમ

18.3.2 રેડિયો પ્રસારણ

18.3.3 દૂરદર્શન

18.3.4 દૃશ્ય શ્રાવ્ય માધ્યમ

18.3.5 ચલચિત્રો

18.4 વિજ્ઞાપનો

18.5 જાહેર સંબંધો

18.6 માહિતી પ્રત્યાયન ટેક્નોલોજી અને સમુહ માધ્યમો

18.7 માહિતી સ્રોતો તરીકે માધ્યમ વ્યક્તિઓ

18.8 સંદર્ભ અને પરામર્શ સાધનો સમૂહ માધ્યમોમાં

18.9 સારાંશ

18.10 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

18.11 ચાવીરૂપ શબ્દો

18.12 સંદર્ભો અને વિશેષ વાંચન


## 18.0 ઉદ્દેશો (OBJECTIVES)

- **આ એકમ વાંચ્યા બાદ, આપ શક્તિમાન થશો કે...**
  - સમૂહ માધ્યમો અને તેનાં ઘટકતત્ત્વો સમજવા.
  - સમૂહ માધ્યમનાં ઘટકોની પ્રવૃત્તિઓ અને કાર્યાત્મક આંતરદૃષ્ટિ (સૂઝ) મેળવવા.
  - વર્તમાનપત્રો, પ્રસાર, દૂરદર્શનનાં કાર્યો અને ક્ષેત્ર પ્રાપ્ત કરવા.
  - સમૂહ માધ્યમમાં સંકળાયેલા વ્યાવસાયિકોને ઓળખવા અને ઓળખ મેળવવા.
  - માહિતીના સ્રોત તરીકે સમૂહ માધ્યમ વ્યક્તિઓનું મૂલ્યની કદર કરવી.
  - સમૂહ માધ્યમમાં સંદર્ભ અને પરામર્શ સાથે પરિચય મેળવવા.

## 18.1 પ્રસ્તાવના (INTRODUCTION)

આ વિભાગમાં, તમે વ્યક્તિઓની છ વિવિધ કક્ષાઓ કે જેઓ માહિતીના કિંમતી સ્રોત હોય તે પરત્વે વર્ણન મેળવશો. આ એકમમાં, માહિતીના સ્રોત તરીકે માધ્યમ વ્યક્તિઓને નિહાળીએ.

સમૂહ માધ્યમો- સમૂહ પ્રત્યાયન તરીકે પણ ઓળખાય છે. તે જાહેર અભિપ્રાય અને જાહેર નીતિ ઘડવા માટે - આકાર આપવા માટે શક્તિશાળી સાધન છે. તેઓ લગભગ પ્રત્યેક કુદરતી પ્રસંગ અને તત્કાલીન માનવ પ્રસંગો અને પ્રવૃત્તિઓનું સર્વેક્ષણ કરે છે. સમૂહ માધ્યોમાં કામ કરતી વ્યક્તિઓ માહિતીના અમૂલ્ય સ્રોતો છે. તેમનું જ્ઞાન વ્યવહારુ કૌશલ્યો અને અનુભવ કદાપી સંપૂર્ણ રીતે નોંધણી થતાં નથી તેથી જ્યારે જરૂર પડે ત્યારે અન્યોને તેનો ઉપયોગ કરવા માટે ઉપલબ્ધ હોતા નથી. આથી , તેઓ તેમની જાતે માહિતીના સ્રોતો હોય છે. - જે નોંધણી માટે લાયક હોય છે. - સમૂહ માધ્યમો અને સંબંધિત પ્રવૃત્તિઓ વિશે માહિતી મેળવવા માટે.

પુસ્તકાલય અને માહિતી વ્યાવસાયિકો સમૂહ માધ્યમ વ્યક્તિઓમાં રસ ધરાવે છે. એટલા માટે નહીં કે તેઓ માહિતીનો અમૂલ્ય સ્રોતો છે પણ માહિતી ઉત્પાદનો અને સેવાઓ. ખરીદ-વેચાણની તેમની પોતાની 8 પ્રવૃત્તિઓ માટે. માહિતી ઉત્પાદનો અને સેવાઓ વધારે અને વધારે વાણિજ્યીક બની રહ્યાં હોવાના કારણે આપણાં પોતાના ઉત્પાદનો અને સેવાઓ વેચવા અને ખરીદ વેચાણ કરવા સમૂહ માધ્યમ વ્યક્તિઓ પાસેથી વિચારો અને વિશેષજ્ઞમત પધ્ધતિઓ પાસેથી વિચારો અને વિશેષજ્ઞમત પધ્ધતિઓ અને પ્રયુક્તિઓ લગાવવાની આપણને જરૂર પડે છે.

આ એકમમાં, આપણે સમૂહ માધ્યમને કેટલુક અનાવરણ તેના ઘટકો, તેમનાં કાર્યો, ક્ષેત્ર, પરિમાણો વગેરે મેળવવા માટે પ્રયત્ન કરીશું. આપણે મુખ્ય સમૂહ માધ્યમનાં કાર્યો જેવાં કે વર્તમાનપત્રો, પ્રસારણ, દૂરદર્શન કે જે રોકી ન શકાય એ રીતે જાહેરાતો અને જાહેર સંપર્કો સાથે જોડાયેલાં છે. તેમનાં પણ અભ્યાસ કરીશું. કેન્દ્રિત થતી કમ્પ્યુટર, પ્રત્યાયન બહુ માધ્યમ અને આંગુલિક/અંકીય ટેક્નોલોજીએ - ઇન્ટરનેટ અને વેબ સાથે જોડાયેલ સમૂહ માધ્યમને વિવિધતાસભર માહિતી રજૂ કરવામાં અને તેને વિશ્વમાં કોઈ પણ સ્થળે પ્રસાર કરવામાં વિસ્તુતિકરણ અને નવીનીકરણ માટે અમર્યાદિત ક્ષેત્ર (વિસ્તાર) આપ્યો છે.

આપણે માહિતીના સ્રોતો તરીકે માધ્યમોના મૂલ્યને સમજવા માટે પ્રયત્ન કરીશું. માધ્યમોનું મૂલ્ય સમજવા આપણે તેમનાં વિવિધ કૌશલ્ય, વિશેષત્રમત અન અનુભવ કે જે માહિતીનો અમૂલ્ય સ્રોત રચે છે. તેનો અભ્યાસ કરીશું આપણે તેઓ કઈ રીતે માહિતી ઉત્પાદનો અને સેવાઓ વેચવામાં અને ખરીદ - વેચાણમાં વાપરી શકાય છે. તેની પણ ચર્ચા કરીશું.

## 18.2 સમૂહ માધ્યમો (MASS MEDIA)

સમૂહ માધ્યમ એ માનવોની પ્રવર્તમાન બનાવો અને પ્રવૃત્તિઓ તથા પ્રત્યેક અગત્યની કુદરતી ઘટનાઓ તથા અન્ય આવી જાહેરહિતની ઘટનાઓ વિશે લોકોને માહિતગાર કરવાની વાસ્તવિક રીતે અદ્યતન અવબોધન સેવા છે. તે લગભગ પ્રત્યેક કલ્પીય વિષયને આવરી લે છે અને તેમની પશ્ચાદ્ભૂમિકા અને જ્ઞાનની ઉપેક્ષાએ વિશાળ સ્રોતાગણ પર કેન્દ્ર હોય છે. વિદ્વાનો, સામાન્ય માણસો, વૈજ્ઞાનિકો, કલાકારો, સંગીતકારો, વાસ્તવમાં વ્યક્તિઓનું પ્રત્યેક જૂથ સમૂહ માધ્યમ દ્વારા પુરું પડાયેલ તેમના રસની કોઈ બાબત મેળવે છે. તેની માનવજીવન પર ગહન અસર હોય છે.

સમૂહ માધ્યમ આજે ચોથી જાગીર તરીકે મનાય છે. જે લોકશાહી માળખામાં જાહેર બાબતોને આકાર આપે છે, અસર કરે છે અને અપ્રત્યક્ષ રીતે સંચાલન કરે છે. જો કે માધ્યમને રાજ્યની બાબતો પર અંકુશ રાખવા માટે કોઈ બંધારણીય સત્તા હોતી નથી તેમ છતાં જે લોકશાહી વહીવટમાં અગત્યના કોઈ મુદ્દા ઉપર અભિપ્રાય ઘડવા માટે શક્તિશાળી સાધન છે અને તે સ્વીકાર્ય જાહેર નીતિએ પહોંચવામાં ખૂબ મહત્વની રીતે ફાળો આપે છે.

અહીં માધ્યમ માત્ર પ્રત્યાયનની ભૌતિક ઢબો કે જેની મારફતે માહિતી સંચારિત થાય છે તેનો ઉલ્લેખ કરતું નથી પરંતુ વિવિધ માધ્યમો (માર્ગો) જેવા કે છપાઈ તેમજ બિન - છપાઈ કે જેમની મારફતે સમાચાર અને માહિતી ઉપયોગકારને સંચારિત કરાય છે. તેનો પણ ઉલ્લેખ કરે છે. સમૂહ માધ્યમ પ્રભાવી રીતે નીચેની બાબતોનો સમાવેશ કરે છે.

- છપાઈ માધ્યમ પ્રાથમિક રીતે વર્તમાનપત્રો, લોકપ્રિય સામયિકો અને અન્ય
- રેડિયો પ્રસારણ
- દૂરદર્શન
- દૃષ્ય - શ્રાવ્ય સાધનો સીડી-ડીવીડી વગેરે અને
- ચલચિત્રો

જાહેરાત અને જાહેર સંપર્કો સમૂહ માધ્યમના સુગ્રથિત ભાગ બન્યા છે કારણ કે તેઓ એટલા આત્મીયતાથી જોડાયેલા છે કે તેમના સિવાય સમૂહ માધ્યમ કાર્ય કરવા શક્તિમાન ન રહે.

ચાલો આપણે હવે પછીના પેટા-વિભાગમાં સમૂહ માધ્યનાં કાર્યો, ક્ષેત્ર (વ્યાપ) અને વિસ્તરતા પરિમાણો જોઈએ.

◆ **તમારી પ્રગતિ ચકાસો**

1. અદ્યતન અવબોધન સેવા તરીકે સમૂહ માધ્યમને તમે કેવી રીતે ગણો છો ?

2. સમૂહ માધ્યમના ઘટકો કયા કયા છે.

નોંધ : 1. તમારા ઉત્તરો નીચે આપેલી જગ્યામાં લખો

2. એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તરો ચકાસો

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

### 18.2.1 કાર્યો, ક્ષેત્ર અને વિસ્તરતા પરિમાણો (Functions, Scope and Expanding Dimensions)

સમૂહ માધ્યમોનાં કાર્યો વિશાળ શ્રોતાગણને માહિતીની માહિતી આપવા, અસર કરવા, ઘડવા અથવા આકાર આપવા, મનોરંજન આપવા અને વેચવાનાં છે. વિશાળ શ્રોતાવર્ગ બાળકો, વિદ્યાર્થીઓ, જુવાનીયાઓ, વયસ્કો, વૃદ્ધો, સામાન્ય માણસો, વિદ્વાનો, વિશેષજ્ઞો, વ્યાવસાયિકો, વાસ્તવમાં પ્રત્યેક વિચાર કરી શકાય એવા જૂથનો સમાવેશ કરે છે. તમામ કાર્યક્રમોની વિવિધ કક્ષાઓનાં જૂથોને સંબંધિત થવા માટે કલ્પના કરાય છે. (વિચારાય છે) રચના કરાય અને વિકસાવાય છે. કાર્યક્રમોના સ્વરૂપના આધારે ઉપર દર્શાવ્યા મુજબનાં કાર્યો આ હેતુઓ સિદ્ધ કરવા અમલમાં મૂકાય છે.

શ્રોતાગણના રસની તમામ બાબતોનો સમાવેશ કરે એમ કાર્યક્રમોનો વિષય પણ ખૂબ વિશાળ હોય છે જેમ કે અદ્યતન પ્રવૃત્તિઓ અને પ્રસંગોના સમાચાર કલા અને સંગીત, ભાષા અને સાહિત્ય, વિજ્ઞાન અને ટેક્નોલોજી, વ્યાપાર અને ઉદ્યોગ, શિક્ષણ અને તાલીમ વ્યવસ્થાપન, ઈતિહાસ અને ભૂગોળ, પ્રવાસો અને પ્રવાસન, વાહન વ્યવહાર અને પ્રત્યાયન, કમ્પ્યુટર અને દૂરદર્શન વગેરે

આ વિષયો પૈકી કોઈપણ વિષય પર કાર્યક્રમો રજૂ કરવામાં રચનાકારો અને વિકાસકારોએ વિવિધ ભૌતિક માધ્યમોમાંથી પસંદ કરવું પડે છે.

સમૂહ માધ્યમના તમામ તત્વોને ઉચ્ચકક્ષાની બૌદ્ધિક આગતોની જરૂર પડે છે. આમ છતાં, બહુ માધ્યમની સાથે જોડાઈને માહિતી અને પ્રત્યાયન ટેક્નોલોજીના અદ્ભૂદ વિકાસની સાથે અગત્યના તત્વ તરીકે ભૌતિક માધ્યમો પર વર્ધીતભાર મૂકવામાં આવે છે કારણ કે આ માધ્યમ સંદેશ પ્રસાર કરવાના અસરકારક પર ચાવીરૂપ ઘટક ગણાય છે/સમજાય છે.

આ સંદર્ભમાં, આ સૂત્રમાં યાદ કરવું યોગ્ય છે. માધ્યમ એ જ 'સંદેશ' - જે માર્શલ મેકલુહાન દ્વારા વ્યવહારમાં મૂકાયું હતું. આનો અર્થ એ થાય છે કે કોઈપણ ભૌતિક સ્વરૂપ, માનવ અવાજ, છાપ અથવા પાઠ્યપુસ્તક અંકીય - પ્રત્યાયનનો વાહક ક્યારેય શક્ય હોય તે કરતાં વધારે મહત્વની રીતે સંદેશો, મોકલનાર, શ્રોતાગણને સમૂહ માધ્યમની અસરોને અસર કરે છે. બહુમાધ્યીય ટેક્નોલોજીના વિકાસના સાથે આ વધારે મોટું સત્ય છે.

આજે સમૂહ માધ્યમમાં માહિતીના સરળ ભૌતિક પ્રસારકો માત્ર નથી પણ જટિલ, સુગ્રથિત, આંતરમિશ્રિત અને આંતરસક્રિય પધ્ધતિ છે કે જે બહુમાધ્યમ ટેક્નોલોજી દ્વારા શક્તિમાન કરાયેલ એકલ અંકીય માહિતી પર્યાવરણમાં માહિતીની સાંધારહિત અખંડીતતા, પાઠ્યપુસ્તકો, છાપો અને ધ્વનિમાં પરિણમ્યાં છે.

સમૂહ પ્રત્યાયનમાં નવું પરિમાણ પુરું પાડતા માર્ગો (ચેનલ્સ) કે જેઓ માહિતી લઈ જાય છે. તેઓ પણ વિસ્તરી રહ્યા છે અને ભૌતિક માધ્યમો સાથે અત્યંત આંતર શિસ્તીય અને આંતર સક્રિય છે.

છતાં, માહિતી વિગતોની ગુણવત્તા કે જે વિશ્વસનીયતા, અધિકૃતતા, ઉપયોગકારને મૈત્રીપૂર્ણ

રજૂઆતના સંદર્ભમાં પ્રત્યાયન કરાય છે. તે પ્રાથમિક અગત્યની હોય છે અને સર્વોત્તમ માધ્યમ પસંદ કરાયું હોવા છતાં ગ્રાહક સુધી પહોંચતા સંદેશાની અસરકારકતાની ખાતરી આપે છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો**

(3) સમૂહ માધ્યમનાં કાર્યો કયાં છે ?

નોંધ : 1. આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો

2. એકમને અંતે આપેલા જવાબો સાથે તમારો જવાબ ચકાસો

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

## 18.3 સમૂહ માધ્યમોનાં ઘટકો (COMPONENTS OF MASS MEDIA)

છપાઈ માધ્યમ, ખાસ કરીને દૈનિક વર્તમાનપત્રોનું મુખ્ય કાર્ય જાહેર અગત્યની પ્રત્યેક મુખ્ય બાબત વિશે જાહેર અભિપ્રાયો ઘડવાનું , માહિતી આપવાનું, અસર કરવાનું છે.

છપાઈ માધ્યમો કે જેઓ સમૂહ પ્રત્યાયન તરફ નિર્દેશ કરે છે. તે પૈકી દૈનિક વર્તમાન પત્ર કેન્દ્રિય સ્થાન મેળવે છે. દૈનિક વર્તમાન પત્રો વિવિધ આવૃત્તિઓમાં પ્રકાશિત કરાય છે. કેટલીક ઉચ્ચ વર્તમાન પત્ર એજન્સીઓ સ્થાનિક સમાચાર બનાવો અને પ્રવૃત્તિઓ ઉપર પ્રકાશ પાડવા વિવિધ શહેરોમાંથી તેમનાં દૈનિકો પ્રકાશિત કરે છે. રવિવાર આવૃત્તિઓ/પૂર્તિઓ સાપ્તાહિક સામયિકો, વિશિષ્ટ જાહેરાતો અને અન્ય પૂર્તિઓ લઈ આવે છે. દરરોજ દૈનિકો ખાસ મુદ્દાઓ ઉપર એક અથવા વધારે પૂર્તિઓ પ્રકાશિત કરે છે જેવી કે શિક્ષણ અને તાલીમ, વ્યાપાર અને અર્થ વ્યવસ્થા, ઉદ્યોગ અને વેપાર, ખેલકૂદ અને રમતો, કલા અને સંગીત, તેમનાં બજારને વિતારવા માટે વર્તમાન પત્ર એજન્સીઓ વચ્ચે તીવ્ર સ્પર્ધા અસ્તિત્વ ધરાવે છે.

ભારતમાં દૈનિક વર્તમાનપત્રો લગભગ તમામ પ્રાદેશિક ભાષાઓમાં પ્રકાશિત કરાય છે. તે પૈકી કેટલાકનો તો ખૂબ વિશાળ ફેલાવો હોય છે.

### 18.3.1 મુદ્રિત માધ્યમ (Print Media)

સામાન્ય રીતે દૈનિક વર્તમાન પત્રો સમાચારો, સમીક્ષાઓ અને રાજકીય, આર્થિક, સામાજિક મુદ્દાઓ, તાજા બનાવો, વ્યક્તિત્વો અને જાહેર રસના વિવિધ વિષયો પર રૂપક લેખો, હવામાન વિષે સામાન્ય માહિતી, સ્થાનિક કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ, વ્યાપારી માહિતી, શેર બજાર માહિતી તથા સમાચાર અને બીજી અન્ય પ્રકારની માહિતી લઈ આવે છે. વર્તમાન ખાસ વિષયો પર સંપાદકીય લેખો રવિવારની આવૃત્તી સિવાય એ દૈનિક લક્ષણ/વિશેષતા છે.

આ સંપાદકીય લેખોનું ખાસ મૂલ્ય છે કારણ કે તે જાહેર અગત્યના મહત્વના મુદ્દાઓ ઉપર નિષ્પક્ષ/નિરપેક્ષ વિચારો વ્યક્ત કરે છે.

જાહેરાતો વર્તમાનપત્રમાં મુખ્ય ભાગની જગ્યા ધરાવે છે. એવા વર્તમાનપત્રો છે કે જેઓ સંપૂર્ણ રીતે અર્થવ્યવસ્થા અને વાણીજ્ય, વેપાર અને ઉદ્યોગ, ચલચિત્ર અને દૂરદર્શન, ખેલકૂદ અને રમતો અને આવા જાહેર હિતના અન્ય વિષયો વિષે હોય છે.

અંગ્રેજી અને પ્રાદેશિક ભાષાઓમાં સાપ્તાહિકો, પખવાડિકો અને માસિકોને સમાચારો ઉપર કેન્દ્ર હોતુ નથી સિવાય કે ખાસ 8 બાબતો વિષે સંપાદકીય લેખો પરંતુ તેમની પાસે નવલકથા ધારાવાહિકો, ટૂંકી વાર્તાઓ, કાવ્યો અને કવિતાઓ, ચલચિત્ર સમીક્ષાઓ, ખેલકૂદ બાબતો, ધાર્મિક બાબતો, તંદુરસ્તી કાળજી અને અન્ય ૧થી બાબતોનો સમાવેશ કરતાં અમુક વધારાનાં લક્ષણો હોય છે. એવાં સામયિકો હોય છે કે વિશિષ્ટરીતે સંગીત ખેલકૂદ અને રમતો, ધર્મ, ચલચિત્રો અને આવા અન્ય વિષયોને સમર્પિત હોય છે.

આ તમામ સામયિકોમાં, જાહેરાતો અભિન્ન ભાગ રચે છે અને તો ખૂબ વિશાળ જગ્યા લઈ જાય છે.

લગભગ તમામ દૈનિકો અને સામયિકોને તેમની પોતાની વેબસાઈટ હોય છે અને તે ઇન્ટરનેટ દ્વારા પ્રવેશગમ્ય હોય છે. વેબ જાહેરાતો ફરીથી આ તમાનનું લક્ષણ છે.

મોટાં વર્તમાનપત્રો કે જેમની પાસે દેશના વિવિધ ભાગો અને વિશ્વમાંથી સમાચારો મેળવવાની તેમની પોતાની કાર્યપ્રણાલી હોય છે. - સમાચાર એજન્સીઓ દ્વારા પૂરા પડાતા સમાચારો ઉપરાંત એજન્સીઓ દ્વારા પૂરા પડાતા સમાચારો ઉપરાંત તે સિવાયનાં મોટાં ભાગનાં અન્ય વર્તમાનપત્રો રાષ્ટ્રીય સમાચાર એજન્સી Press Trust of India, United News of India, Samachar અને આંતરરાષ્ટ્રીય સમાચાર એજન્સીઓ જેવી કે Reuters, Associated Press વગેરે ઉપર આધાર રાખે છે.

અન્ય સમૂહ માધ્યમોની જેમ, વર્તમાનપત્ર સંસ્થાઓ ઉચ્ચ રીતે માળખાકૃત અને સુ-વ્યવસ્થાપિત હોય છે પણ તેના સંગઠન અને કાર્યમાં અત્યંત જટિલ હોય છે. વર્તમાનપત્રનું સંચાલન સામાન્ય રીતે ત્રણ મુખ્ય વિભાગોમાં વિભાજીત હોય છે. જેમ કે સમાચાર અને સંપાદકીય લેખો, વ્યાપાર અને ઉત્પાદન.

વર્તમાનપત્ર ઉદ્યોગો બૌદ્ધિકો, શિક્ષણકારો, વ્યવસ્થાપકો અને ટેકનીશિયાનો સારુ પ્રમાણ શોષી લે છે. (ખેંચી લે છે) સંપાદકીય સંપાદકો- જુદી જુદી કક્ષાએ, રૂપક, લેખકો, કલાકારો અને વ્યંગકારો તથા ઘણા અન્ય વ્યવસ્થાપકોનો સમાવેશ કરે છે. - સંગઠનની બહારના નિષ્ણાતો વર્તમાનપત્રો દ્વારા લઈ જવાતી માહિતીને ગુણવત્તા આપવા ખૂબ ફાળો આપે છે. જાહેરાતો આજે વર્તમાનપત્રો ઉદ્યોગનો અભિન્ન અંગ રચે છે. આ જાહેરાતો તેમને પોષણ આપે છે.

પ્રકાશકોને સમૂહ માધ્યમોમાં ભૂમિકા ભજવવી પડે છે. પુસ્તકોનાં સમુહ શીર્ષકોનાં ઉત્તમ વેચાણોને વીજાણુ બજાર અને વાચકગણ હોય છે. વિપુલ પ્રમાણમાં પુસ્તકોની છપાઈ અને પ્રકાશન સાહિત્ય પ્રસાર અને વિતરણમાં મહત્વનું સીમાચિહ્ન છે.

પેપરલેહ (સખત પૂઠામાં બાંધવામાં આવેલ પુસ્તક) નો પ્રવેશ (આગમન) ને સમૂહ પ્રત્યાયન સાંસ્કૃતિક માધ્યમ તરીકે પુસ્તકોની તાજી છાપ માટે તકનીકી સાધનો પોષાય છે. ખાસ કરીને પાશ્ચાત્ય દેશોમાં સર્વોત્તમ વેચાણની દસ લાખ નકલોનું વેચાણ એ આજે સામાન્ય લક્ષણ છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો**

4. વર્તમાનપત્ર ઉદ્યોગમાં સમાવિષ્ટ વ્યક્તિઓની કક્ષાઓના નામ આપો.
   1. નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તરો લખો
   2. એકમને અંતે આપેલા જવાબો સાથે તમારો જવાબ ચકાસો

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

### 18.3.2 રેડિયો પ્રસારણ (Radio Broadcasting)

રેડિયો પ્રસારણે ગઈ સદીના પાંચમા દાયકાના મધ્ય સુધી કોઈપણ જાતની સ્પર્ધા સિવાય આ સદીના શરૂઆતના અમુક દાયકાઓ માટે શ્રોતાઓને માહિતી આપી છે અને મનોરંજન આપ્યું છે. અન્ય માધ્યમોની જેમ, રેડિયો સ્ટેશન ચોવીસ કલાક સમાચાર પ્રસારિત કરે છે. સમાચારના સામયિક સાર આપે છે. વર્તમાન પ્રસંગો અને પ્રવૃત્તિઓ પર સમીક્ષાઓ, પૃથક્કરણ અને સમીક્ષાત્મક ટીકા-ટીપ્પણો આપે છે, વિવિધ રચના મનોરંજન કાર્યક્રમમાં જેવા કે સંગીત, ધારાવાહિકો, નાટકો આપે છે. સ્ત્રીઓ, બાળકો, ખેડૂતો, ઉદ્યોગપતિઓના સામાન્યરસના ઘણા કાર્યક્રમ આપે છે અને વિવિધ વય જૂથનાં બાળકો માટે ઉપયોગી માહિતી, ખેલકૂદ અને રમતોની સ્પર્ધાઓની સમીક્ષાઓ આપે છે.

રેડિયો એ વ્યક્તિ અને અનુકુલનશીલ છે અને સંભવિત રીતે રેકર્ડ કરાયેલ સંગીત જેટલો ખાનગીકરણને સવેદનશીલ હોય છે પરંતુ વિગતનાં વધારે વૈવિધ્ય સાથે તે સુવાહક અને પૂરક માધ્યમ છે અને તે દૂરદર્શન અથવા પુસ્તકો જેટલું અવિભાજીત ધ્યાન માંગતુ નથી. આ સામર્થ્યો સાથે, દૂરદર્શનની ગુંગળાવનારી સ્પર્ધા હોવા છતાં રેડિયો હાલના પ્રત્યાયન અને માહિતી સમાજમાં ખાસ સ્થાન ધરાવવાનું ચાલુ રાખે છે.

સમાચારો, સંગીત, જાહેક હીતના વિશિષ્ટ મુદ્દાઓના વાર્તાલાપ, પ્રસારણ માટે જાહેરાતોના સાચા મિશ્રણના કાર્યક્રમો ગોઠવવા એ આજના રેડિયો સ્ટેશન માટે સફળતાની ચાવી છે. સામાન્ય વર્તમાનપત્રોની જેમ, રેડિયો પણ ફેશન અને રસની બાબતોને પ્રભાવિત કરે છે, આકાર આપે છે અને વિકસાવે છે અને મનોરંજનને પણ ફાળો આપે છે.

રેડિયોના સંગઠન અને માળખામાં ત્રણ મુખ્ય ઘટકો હોય છે. જેમ કે સ્થાનિક સ્ટેશન, માળખાં અને કાર્યક્રમ પુરવઠાકારા સંગીત, ખેલકૂદ ખાસ લેખો (રૂપકો) અને સમીક્ષાઓનો સમાવેશ કરતા કાર્યક્રમ સેવાઓની વ્યૂહરચના પૂરી પડાતી વિવિધતાસભર રેડિયો માળખાં અને એજન્સીઓ છે. વર્તમાનપત્રની જેમ, રેડિયો પ્રસારણ સંગઠનનું માળખુ, રેડિયો પત્રકારત્વમાં વિશિષ્ટતાપ્રાપ્ત અમુક પ્રકારના વિશેષજ્ઞો અને વ્યાવસાયિકોની વૈવિધ્યસભર વિશેષજ્ઞમતની જરૂરિયાત માળું જટિલ છે.

રેડિયો પ્રસારણમાં કર્મચારીઓ ઉત્પાદકો, દિગ્દર્શકો પ્રવૃત્તિઓની વિવિધ કક્ષાના કાર્યક્રમ વિશેષજ્ઞો ઉપરાંત કલાકારો, સંગીતકારો, પટકથા લેખકો, સંવાદદાતાઓ, ક્ષેત્ર લેખકો, ઈજનેરો, ટેક્નોલોજીસ્ટ, સમાચારવાચકો અને સમીક્ષકોનો સમાવેશ કરે છે. નિયત રીતે તે સર્વોત્તમ કાર્યક્રમોનું ઉત્પાદન કરવામાં સંદર્ભમાં શાણા ટુકડી વ્યવસ્થાપન અને જૂથકાર્ય છે. ઘણા બાહ્ય નિષ્ણાતો અને ઉત્પાદનમાં ફાળો આપે છે.

કાર્યક્રમ વિતરણ માટે ઉપગ્રહોનો ઉપયોગ, ઇન્ટરનેટ અને વેબસાઈટો દ્વારા પ્રવેશ, પ્રસારણ ટેક્નોલોજી ખાસ કરીને અંકીય શ્રાવ્ય પ્રસારણનો વિકાસ/ઉદ્દભવ અને તેના વિસ્તૃત ઉપયોગના ઉદ્દભવે કાર્યક્રમ રચવાના વિકલ્પોમાં વધારો કર્યા છે અને દૂરદર્શન તરફથી ભયંકર સ્પર્ધા હોવા છતાં અંકુશ ખર્ચાઓ અને સંચાલનો સુધારવા અને માધ્યમોના વ્યાપારમાં ટકી રહેવા રેડિયો સ્ટેશનની ક્ષમતામાં સુધારો કર્યો છે.

જાહેરાતો જે રીતે તેઓ વર્તમાનપત્ર ઉદ્યોગને ટકાવી રાખે છે તે જ રીતે રેડિયો પ્રસારણ પણ અસંખ્ય જાહેરાતો પર વિકસે છે/ટકે છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો**

**(5)** રેડિયો પ્રસારણમાં સંકળાયેલ વ્યક્તિઓની કલાઓની યાદી બનાવો

**નોંધ :** 1. નીચે આપેલી જગ્યામાં તમારા જવાબો લખો

2. એકમને અંતે આપેલા જવાબો સાથે તમારો જવાબ ચકાસો

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

### 18.3.3 દૂરદર્શન (Television)

દૂરદર્શન આપણા જીવનમાં પ્રભાવી સ્થાન ધરાવે છે. તે ખૂબ ઉચ્ચ કક્ષાની પુરસ્કૃતતાને પહોંચવા માટેનું વૃદ્ધિ પામતું અન વિકસતું યુવાન સમૂહ માધ્યમ છે. તે શ્રાવ્ય અને દશ્યનું જોડાણ કરે છે તે કારણ તે યુવા અને વૃદ્ધોને સરખી રીતે આકર્ષે છે તે માધ્યમનાં લગભગ તમામ કાર્યો બજાવે છે અને જૂથ અથવા વ્યક્તિઓની વર્તણૂંકને આકાર આપે છે.

રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક બાબતોને લગતા અસંખ્ય મુદ્દાઓ ઉપર વિશ્વમત કેળવવા માટે તેના કાર્યક્રમો મનોરંજનથી શરૂ કરી ઉચ્ચ રીતે આયોજિત અને માળખાકૃત દૂર પરિષદ યોજવા સુધી

પથરાયેલા હોય છે. વિવિધ સંખ્યામાં અને વૈવિધ્યસભર વ્યક્તિઓ વિવિધ દૂરદર્શન કાર્યક્રમોના વિચાર, આયોજન, રચના, અમલ અને ઉત્પાદનમાં સંમિલિત/સમાવિષ્ટ થાય છે વર્તમાન બીનાઓના તથા પ્રવૃત્તિઓ દષ્ટિબિંદુઓ અને સમીક્ષાઓ તમામ કક્ષાના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક કાર્યક્રમો, લોકોને વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં શિક્ષિત કરવા અને સામાજિક જીવન સાથે તેના સંબંધો, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખેલકૂદ અને રમતોનું જીવંત પ્રસારણ અને સામાન્ય જાહેર રસના અન્ય પ્રસંગોને નિયમિત રીતે પ્રસારિત કરાય છે.

ખેલકૂદ અને રમતો, વન્યજીવન વિષે જ એકમાત્ર/અનન્ય રીતે ખાસ દૂરદર્શન ચેનલો, સતત સમાચાર પત્રો, ચલચિત્રો, ધાર્મિક ભાષણો અને ઉત્સવો એ વધારા પર છે. (વધી રહ્યા છે) જાહેર રસના લગભગ તમામ પ્રસંગો દર્શકોને આકર્ષવા માટે અને દરેક વ્યક્તિને ચોંટાડી રાખવા જીવંત પ્રસારિત કરાય છે.

દૂરદર્શન એજન્સીઓ વચ્ચે ભયંકર સ્પર્ધા છે. દૂરદર્શન પર જાહેરાતો સર્વ વ્યાપક છે. કોઈપણ જાહેરાતનો સમય હિસ્સો કાર્યક્રમોના 50% હોય છે. જ્યારે તે ધારાવાહિક સમાચાર પત્ર, ખેલકૂદ અને રચતોનું જીવંત પ્રસારણ, ધાર્મિક ભાષણો અને કોઈ પ્રસંગનું જીવંત પ્રસારણ હોય, વિજ્ઞાપનો સમયનો સિંહભાગ હોય છે. ઘણા કાર્યક્રમોને વ્યાપાર, વ્યવસાય અને ઉદ્યોગોને તેમના સંલગ્ન ચીજોની અભિવધ્ધી માટે પ્રાયોજિત કરાય છે. વિજ્ઞાપનો સિવાય રહી શકે નહીં.

આવા જકડી રાખતા કાર્યક્રમોનું ઉત્પાદન કરવા માટે જરૂરી વિશેષજ્ઞમત અને ખાસ જ્ઞાનના પ્રકારોની સરળતાથી કલ્પના કરી શકાય છે. કાર્યક્રમ રચનાકારો વિકાસકારો, પટકથા લેખકો, ટેકનીશિયનો અને ટેક્નોલોજી , કલાકારો, સંગીતકારો, છબી કલાકારો અને બીજા ઘણા અન્ય વિશેષજ્ઞો પ્રસારણની પૂરી પ્રક્રિયામાં સંકળાયેલા હોય છે.

દૂરદર્શનનું પાયાનું કાર્ય કાળજીપૂર્વક પસંદ કરાયેલા વિષયો અને મુદ્દાઓ, દર્શકોના રસ ઉપર વિવિધ કાર્યક્રમોનું ઉત્પાદન અને પ્રસારણ દૂરદર્શન એજન્સીઓ દ્વારા તેમની વિવિધ ચેનલો મારફતે કરાય છે. કાર્યક્રમ ઉત્પાદન અને માળખાં, સ્ટેશનો અને કાર્યક્રમ ઉત્પાદન કંપનીઓની જવાબદારી છે. વિતરણએ જમીની સુવિધાઓ અને પ્રસાર એજન્સીઓનો ઉપયોગ કરીને માળખાનું ગંભીર કાર્ય છે.

કેબલ ટીવી એ એક અન્ય એજન્સી છે જે ગ્રાહક અભિમુખિત કાર્યક્રમોનું પ્રસારણ કરે છે અને તેણે પ્રસારણમાં નવું પરિમાણ દાખલ કર્યું છે વિસ્તૃત દર્શકો સુધી પહોંચવા માટે આ એજન્સીઓ વચ્ચે કઠીન સ્પર્ધા છે.

ભારતમાં દૂરદર્શન એજન્સીઓ ઝડપથી વૃધ્ધી પામી રહી છે. તેઓ એકબીજા સાથે સ્પર્ધા કરી રહી છે. દૂરદર્શન, સ્ટાર ટીવી, ઝી ટીવી, અંગ્રેજી, હીન્દીમાં ઘણા અન્ય માટે લગભગ તમામ પ્રાદેશિક ભાષાઓમાં વિવિધ કાર્યક્રમો માટે વિશિષ્ટતાકૃત ચેનલો ચોવીસ કલાક (સતત) પ્રસારણ કરે છે.

માધ્યમ વિશેષજ્ઞો એવો અભિપ્રાય આપે છે કે દૂર દર્શનનું ભાવિ તેમના પોતાના હેતુઓ માટે તેની ઉપર અંકુશ રાખવા અને તેનો ઉપયોગ કરવા સ્રોતાઓની શક્તિ ઉપર નિર્ભર છે. એવું કહેવાય છ કે દૂરદર્શન એ બજાર છે અને તે વિવિધ ટેકનલોજીકલ અને સામાજિક બળો દ્વારા પુનઃ આકાર અપાઈ રહ્યો છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો**

6. દૂરદર્શનમાં સંકળાયેલ વ્યક્તિઓના પ્રકારો કયા છે ?

નોંધ : 1. નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો

2. એકમને અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તરો ચકાસો

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

### 18.3.4 દૃશ્ય શ્રાવ્ય માધ્યમ (Audio - Visual Media)

સમૂહ પ્રત્યાયનમાં ઉપયોગમાં લેવાતા ઘણા દૃશ્ય - શ્રાવ્યમ માધ્યમો વચ્ચે (પૈકી) વીડીયો કેસેટ, સીડી રોમ, ડીવીડી સૌથી વધારે પ્રભાવક છે. તેઓ અત્યંત ઉપયોગકાર મૈત્રીપૂર્ણ હોય છે અને વ્યક્તિગત તથા જૂથ ઉપયોગ સાથે નીકટતાથી જોડાયેલા હોય છે. આ દૃશ્ય શ્રાવ્ય માધ્યમો પૈકી ઘણાનું ખૂબ કાળજીથી રચના કરાય છે અને શ્રાવ્ય આધારે તેના મૂલ્યને ખૂબ માત્રામાં વધારે છે.

CD-Rom and DVD C Digital versatile Dise) દફતરીય હેતુઓ માટે અત્યંત મૂલ્યાવાન હોય છે. તેઓ ખૂબ ઓછી જગ્યા રોકે છે. સર્વજ્ઞાન સંગ્રહ સેટ અંક સીડી ઉપર સંકેતિક કરી શકાય છે અને થોડી જગ્યા પણ બચે છે.

દૃશ્ય શ્રાવ્ય માધ્યમનું ઉત્પાદન અને જટિલ અને સૂક્ષ્મ બાબત છે. ઘણા પ્રકારના વિશેષજ્ઞો મનોરંજન માટે સારું દૃશ્ય, સમાચાર સમીક્ષા અથવા પૃથક્કરણમાનું અને અન્ય શીખવુ તે ઉત્પાદન કરવા જરૂરી હોય છે. પડદા પટકથા લેખકો, રચના અને વિકાસ નિષ્ણાતો, ખરીદ-વેચાણ વિશેષજ્ઞો અને ઉત્પાદન નિષ્ણાતો તથા બીજા અસંખ્યો દૃશ્ય - શ્રાવ્ય બાબતોના ઉત્પાદનોમાં સામાન્ય રીતે સંકળાયેલા હોય છે.

વિનિયોગ કરાયેલ ટેક્નોલોજી વિવિધ અને જટિલ હોય છે. દૃશ્ય શ્રાવ્યો ઉત્પાદનો કરવા ઉપયોગમાં લેવાયેલ ખાસ કરીને બહુમાધ્યમોની સાથે (કારણે) જટિલતાઓ વધે છે. આ પ્રકારના માધ્યમોનું ખરીદ વેચાણ કરી પાછું ઉચ્ચ કક્ષાની વિશેષતાનું કાર્ય છે. આ માધ્યમમાં અનધિકૃત પ્રકાશન ભરપૂર છે. ઉપરાંત બૌદ્ધિક માલિકી હક્કોનું ઉલ્લંઘન પણ ભરપૂર છે. ઉપરાંત બૌદ્ધિક માલિકી હકકોનું ઉલ્લંઘન પર ભરપૂર છે આ નાણાં ગુણવત્તા માનવબળ અને ઉત્પાદનના સંદર્ભમાં ઉચ્ચ રોકાણનું વાણિજ્યીક સાહસ છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો**

7. દૃશ્ય શ્રાવ્ય ઉત્પાદનોમાં સંકળાયેલ વ્યક્તિઓનો પ્રકાર દર્શાવો

નોંધ : 1. નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તરો લખો

2. એકમને અંતે આપેલા ઉત્તર સાથે તમારો ઉત્તર ચકાસો

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

### 18.3.5 ચલચિત્રો (Motion Film)

મનોરંજન ચલચિત્રો, દસ્તાવેજીઓ અને આવાં અન્ય પણ સમૂહ માધ્યમના અગત્યનાં ઘટકો છે. આ ઉચ્ચ ટેક્નોલોજી અને વિવિધ કક્ષાઓની વ્યક્તિઓ, બૌદ્ધિકો, સાથી કલાકારો સાથે નાયકો અને નાયિકાઓ, છબીકારો, શણગાર માટેની વ્યક્તિઓ ધ્વનિ નિષ્ણાતો, ગીતકારો, સંગીતકારો, સંગીતમંડળ, કલાકારો, રોશની નિષ્ણાતો, સંપાદકો, ઉત્પાદન નિષ્ણાતો, દિગ્દર્શકો અને વિવિધ પ્રકારોના ખૂબ અન્ય કક્ષાના કાર્યકરોનો અમુક દૃશ્યવિધાન (પરિવેશ) સાથે શુટીંગ નિષ્ણાતો અને બાહ્ય શુટીંગમાં નિષ્ણાંતોનો સમાવેશ થાય છે. આ પ્રકારના માધ્યમમાં નાણાંકીય રોકાણ લગભગ અત્યંત મોટું હોય છે અને બજાર અત્યંત સ્પર્ધાત્મક હોય છે.

## 18.4 વિજ્ઞાપનો/ (જાહેરાતો/જાહેર ખબરો) (ADVERTISEMENTS)

વિજ્ઞાપન એ ઈચ્છિત કાર્યને પ્રેરિત કરવા વૈવિધ્ય સભર સમૂહ પ્રત્યાયન માધ્યમ મારફતે માહિતીના પૈસા ચૂકવીને થતા પ્રસાર તરીકે વ્યાખ્યાયિત કરાય છે. વિજ્ઞાપનો મફત નથી તેઓ માટે ચૂકવણું કરવું પડે છે. વર્તમાનપત્રો અથવા સામયિકો અથવા છાપકામ માધ્યમમાં જગ્યા ખરીદાય છે. રેડિયો અને ટીવી પર સમય ખરીદાય છે. સ્થળ અને સમય માટે આ ચૂકવણા દ્વારા, માહિતીનો પ્રસાર કરાય છે. આ માહિતી ખાતર માહિતી હોતી નથી પરંતુ વેચાણ અથવા સેવાઓ અને વસ્તુઓ વેચવા માટે

મદદ કરવા અથવા વિચારોનો સ્વીકાર મેળવવાના હેતુ માટે હોય છે. આ વિચારોએ લોકોને ઈચ્છિત રીતે વિચારવા અથવા કાર્ય કરતા બનાવે છે. આધુનિક વિજ્ઞાપન ઉદ્યોગના સ્ત્રી કાર્યકર તરીકે ઉદ્ભવ્યું છે. તે સમૂહ ઉત્પાદન, સમૂહ બજાર, સમૂહ વિતરણ અને સમૂહ પ્રત્યાયનનો અતિ વિકાસ કે અતિ વૃદ્ધિ છે તે વ્યાપાર અને વાણિજ્યને ચલિત/ચલાયમાન રાખે છે અને સામૂહિક રીતે ઉત્પાદિત વસ્તુઓ અને સેવાઓ માટે માંગી સર્જીને અર્થ વ્યવસ્થાની વૃદ્ધિને મદદ કરે છે.

વિજ્ઞાપનો મૂળભૂત રીતે નીચેનાં ત્રણ કારણો માટે સમૂહ માધ્યમના અભિન્ન ભાગ છે.

1. તેઓ સમૂહ માધ્યમ અને એથી વિપરીત માટે પુષ્કળ નાણાંકીય આધાર પૂરો પાડે છે. એક બીજા સિવાય ટકી શકે નહીં.
2. તેઓ વિસ્તાર કરવા અને નવીનીકરણ કરવા માટે નાટકીય પરિવર્તનો અને પડકારો સાથે ઝડપી વિકાસ માટે ક્ષેત્રમાં એટલે કે સમૂહ માધ્યમમાં વ્યવસાયીઓનો સામનો કરવાનો અગત્યનો ઉદ્યોગ તરીકે ઘણા દ્વારા જોવાય છે.
3. તેઓ આધુનિક સંસ્કૃતિનો વ્યાપક ભાગ છે. તેઓ અન્ય વસ્તુઓ વચ્ચે આપણી છબીઓ તથા સમાજના ઘડતર માટે માધ્યમ છે. સમૂહ માધ્યમ કદાચ આ હેતુઓ સિદ્ધ કરવાનો એક માત્ર માર્ગ છે.

વિજ્ઞાપન, જાહેરાત, પ્રચાર, ખરીદ-વેચાણ અર્થમાં તેમના પોતાની છાયાના તફાવત સાથે લગભગ સમાનાર્થી છે. આ પધ્ધતિઓ દ્વારા પ્રસાર કરાયેલ માહિતી પ્રસંગોપાત વિકૃત બને, અતિશિયોક્તિપર્ણ બને, અતિ ભાર અપાયેલ બંને પરંતુ તેમના હેતુઓ બને, પ્રતિ ભાર અપાયેલ અને પરંતુ તેમના હેતુઓ કોઈ ઉત્પાદન અને સેવા ખરીદવાની બાબતમાં તરફેણની રીતે સમજાવવા, પ્રભાવિત કરવા, પ્રેરિત કરવા અને પ્રતિક્રિયા કરવા માટે છે.

જાહેરાતોમાં સમાવિષ્ટ સંદેશાઓ પ્રત્યાયનનાં સ્વરૂપો છે કે જે સર્જજનાત્મકતા, સમજૂતિ અને સંદેશાઓની અસરનો સમાવેશ કરે છે. જાહેરાતો પ્રાયોજક દ્વારા અંકુશિત અને ચૂકવણું કરાયેલ અવૈયક્તિત સંદેશાઓ લઈ આવે છે.

મોટા ભાગનાં વિજ્ઞાપનો ગ્રાહક વિજ્ઞાપનો હોય છે પરંતુ વ્યાપાર, વ્યવસાયથી વ્યવસાય ઉદ્યોગ ગૃહોની જાહેરાતો, વિજ્ઞાપન ઉદ્યોગનો મુખ્ય ભાગ છે. આંતરરાષ્ટ્રીય વિજ્ઞાપનો અત્યંત અગત્યની બની રહી છે કારણ કે વધારેને વધારે કંપનીઓ ઇન્ટરનેટ અને વેબ પેઈઝીસ મારફતે વૈશ્વિક ખરીદ - વેચાણમાં કાર્યરત થઈ રહી છે.

**વિજ્ઞાપનોને ત્રણ મુખ્ય લક્ષ્યો હોય છે.**

1. વિજ્ઞાપનકારો તેનાં ઉત્પાદનો અને સેવાઓ ના ખરીદ - વેચાણ કરવા માટે મદદ કરવા વિજ્ઞાપન કરી રહ્યા છે.
2. વિજ્ઞાપન એજન્સીઓ એ વિશિષ્ટતાકૃત કંપનીઓ છે જે મોટાભાગના વિજ્ઞાપનકારો માટે વિજ્ઞાપન અભિયાનનું આયોજન કરે છે અને અમલમાં મૂકે છે.
3. વિજ્ઞાપન માધ્યમ ગ્રાહકો સુધી વિજ્ઞાપન લઈ જાય છે અને તે વિજ્ઞાપન આવક (મહેસૂલ પર) આધારિત હોય છે.

વિજ્ઞાપનોને વિચારાય છે. પ્રાથમિક આકાર અપાય છે, પરિવર્તિત કરાય છે અને આખરે અમલમાં મૂકાયમાં છે. સમગ્ર કાર્ય એ લાંબી પ્રક્રિયા છે જે પરિસ્થિતિ પૃથક્કરણ, હેતુઓ, વ્યૂહો, પ્રક્રિયાઓ અને મૂલ્યાકંનનો સમાવેશ કરાય છે. પરિસ્થિતિ પૃથક્કરણએ વિજ્ઞાપનકારની સમસ્યાના અર્થ નિરૂપણ તરફ દોરી જતા સંશોધનનો સમાવેશ કરે છે. વિજ્ઞાપનોના હેતુઓ અવબોધનના સર્જનથી ખરીદી વિનંતી, ઉત્પાદન કે સેવા સ્વીકારવા પ્રેરણા આપવા અને પ્રભાવિત કરવા સુધી વિસ્તરે છે (વ્યાપ ધરાવે છે) વ્યૂહો અને યુક્તિઓ હેતુઓ સિદ્ધ કરવા જરૂરી કાર્યો છે. મૂલ્યાકંન એ અભિયાને તેના લક્ષ્યો પ્રાપ્ત કર્યા કે નહીં તે નિર્ધારિત કરવાની પ્રક્રિયા છે.

વિજ્ઞાપન એજન્સીએ એવું માધ્યમ પસંદ કરે છે જેના દ્વારા વિજ્ઞાપનો ખાસ દેખાવ કરે છે/વિશિષ્ટ અંગ બને છે. વર્તમાનપત્રો, સામયિકો અને છપાઈમાં જોવાં મળતાં આવાં અન્ય સમૂહ માધ્યમો તેમની જાહેરાતોને તેમનાં 50% ઉપરાંત પાન આપે છે. આ ખાસ કરીને વિશાળ ફેલાવો ધરાવતાં વર્તમાનપત્રોમાં આવું હોય છે. મનોરંજન ચલચિત્રો, વિડિયો કેસેટ, રેડિયો અને દૂરદર્શન પ્રસારણો

અને અન્ય તમામ દશ્ય-શ્રાવ્ય વિજ્ઞાપનો માટે પ્રમાણમાં ઘણો લાંબો સમય પૂરો પાડે છે.

એવો વિવેકપૂર્વક નિર્ણય કરી શકાય કે જાહેરાતોને નિયતરીતે (નિયતરીતે) વિવિધ ક્ષમતાઓ અને ઉચ્ચ ગુણવત્તાના કૌશલ્યોની જરૂર પડે છે. આમાં કેટલાંક વધારે અગત્યનાં છે. કલ્પના અને સર્જનાત્મકતા ગ્રાહક માનસિકતા ગ્રહણ કરવાની શક્તિ, દશ્ય સાધનો રચવાનું સામર્થ્ય અને ઈચ્છિત સંદેશ લઈ જવા અસરકારક ટૂંકી પટકથા લખાવી, દર્શકો ઉત્પાદન અથવા સેવા ખરીદે તે માટે પ્રેરિત કરે અથવા પ્રભાવિત કરે તેવા સાચા માધ્યમને પસંદ કરવું. જાહેરાતની અસરનું મૂલ્યાકંન કરવું વગેરે દશ્યો અને શ્રાવ્યોના કિસ્સામાં, વિજ્ઞાપનોનો સમયગાળો અને જો તેઓ પ્રસારિત કરાય (રેડિયો ઉપર) અથવા પ્રસારણ કરાય (દૂરદર્શન પર) તો રજૂઆતનો યોગ્ય સમય વગેરે અગત્યની વિચારણાઓ છે. કાર્યના વિશેષતાયુક્ત પ્રકારો હાલ સામાન્ય રીતે વિજ્ઞાપન એજન્સીઓને સોંપાય છે. જો કે વિશાળ ઔદ્યોગિક વિભાગોમાં અલગ વિભાગો કે જેમાં વિશિષ્ટતાકૃત વ્યક્તિઓને કામ રક રખાયેલા હોય છે. તે વિભાગે દ્વારા આ કાર્યો પૈકીનાં કેટલાંક કાર્યો પાર પડાય છે.

સર્વોત્તમ વિજ્ઞાપનો મેળવવા માટે કમ્પ્યુટર, પ્રત્યાયન અને બહુ માધ્યમ ટેક્નોલોજીનું એક કેન્દ્રિતકરણ એ સુવિધાકારો છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો**

8. વિજ્ઞાપન શું છે ?
9. વિજ્ઞાપનોને સમૂહ માધ્યમના અભિન્ન અંગ તરીકે કેમ ગણાય છે
10. વિજ્ઞાપનના ત્રણ લક્ષ્યોને અભિવ્યક્ત કરો

**નોંધ :** 1. નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તરો લખો

2. એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર ચકાસો

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

